ॐ

卐 શ્રી નિષ્કલંકી નારાયણ જનાર્દનમઃ 卐

ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ રચિત

સદ્ગુરૂ ઉપદેશ

"અમૃત વાણી"

ॐ

—: પ્રકાશક :—

સત્પંથ પ્રકાશન સમિતિ
શ્રી સતપંથ પ્રેરણા પીઠ, પીરાણા, તા. દસક્રોઈ
જી. અમદાવાદ–382425

ૐ

卐 શ્રી નિષ્કલંકી નારાયણ જનાર્દનમઃ 卐

ગુ રૂ શ્રી ઈમામશાહ મહારાજ રચિત

સદ્‌ગુરૂ ઉપદેશ

"અમૃત વાણી"

ૐ

-: પ્રકાશક :-

સત્પંથ પ્રકાશન સમિતિ
શ્રી સતપંથ પ્રેરણા પીઠ, પીરાણા, તા. દસક્રોઈ
જી. અમદાવાદ-382425

realpatidar.com

ॐ

વ્હાલા ધર્મ પ્રેમી ભાઈઓ

આપણી ધર્મ પરાયણ સંસ્કૃતિનું બહુજન હિતાર્થે ઉપદેશનું પાલન કરવાનું જ્ઞાન સદ્‌ગુરૂશ્રીએ શ્લોકો દ્વારા ઉદ્‌બોધેલું છે. જે **"સદ્‌ગુરૂ ઉપદેશ"**ના નામથી આપણા સંપ્રદદાયમાં જાણીતું છે.

આજે આ પુસ્તકનું સંકલન છપાવી પ્રસિધ્ધ કરવાનું ઉત્તમ કાર્ય થયું છે. એ ગુરૂ મહારાજની અસિમ કૃપાથી છે.

ઉપદેશ કે શિખામણની વાતો કાવ્ય દ્વારા સમજાવવાની જે એક ઉમદા પ્રણાલિકા આ પુસ્તકમાં છે, તે સુજ્ઞ વાંચકોને અતિ ઉપયોગી નિવડશે. તેનું પઠન અને મનન જીવનને જરૂર સાર્થક બનાવશે અને કંઠસ્થ કરરવાથી દૈનિક જીવનમાં ઉપયોગી નિવડશે. માટે આ પુસ્તક સતપંથી ભાઈઓને ઘરમાં વસાવવા જેવું છે.

પરમ પૂજ્ય આચાર્યશ્રી કૃષ્ણદાસજી મહારાજ
સતપંથ પ્રેરણાપીઠ – પીરાણા

Rs 8/00

પ્રસ્તાવના

અમૃતવાણી

માનવે ભૌતિક ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી હોવા છતાં તે પોતાની ચેતનામાં હજુ અપૂર્ણ છે પોતાના અસ્તિત્વ, જપ, તથા કર્મ વિશે તેનામાં હજુ અજ્ઞાન રહેલું છે. પ્રકૃતિની જડ ટેવોથી તે મુક્ત થઈ શક્યો નથી તે ખૂબ મૂંઝવણ ભરેલો યાતનાઓથી ઘેરાયેલો તમસથી ભરેલો અને પોતાના અહંકારથી કહેવાતી પ્રગતિ કરવા મથી રહેલો, માનવ પોતાના સાચા જીવનને સમજી શક્યો નથી.

સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજે ઉપદેશમાં કહ્યું છે, ''મુખે જપતાં પીયુ ન મિલે એ તો શિરકે સાટે હોય,'' તેમાં ભક્તિ કરવા માટે ભક્તને ચાર વાણી બતાવી છે. પરા, પસ્યન્તી, મધ્યમા અને વેખરી પરાવાણીનું સ્થાન નાભીમાં બતાવ્યું. પસ્યન્તીનું સ્થાન હૃદયમાં, મધ્યમાનું સ્થાન કંઠમાં અને વેખરીનું સ્થાન હોઠમાં બતાવ્યું છે અને ચાર ભક્તો બતાવ્યા છે. આર્ત, અર્થાથ, જિજ્ઞાસુ અને મુમુક્ષ. સદ્‌ગુરુ એ આ ગ્રંથમાં ઈમામશાહ મહારાજે સૌથી અધિક મુમુક્ષને શ્રેષ્ઠ ગણે છે. તો આવા મુમુક્ષ ભક્તને પાંચ કર્મેન્દ્રીય, પાંચ જ્ઞાનેન્દ્રીય ચાર અંતઃકરણ અને ચૌદ ઈન્દ્રીય દ્વારા આ હૃદયગ્રંથી મલીન થાય છે. મન, વચન, કર્મ દ્વારા હૃદય ગ્રંથિમાં જડતા આવે છે. અહંતા, મમતા અને ઈર્ષા એ મનના ગુણો છે. જૂઠ, નિંદા અને કઠોરતા એ વાણીના ગુણ છે. ચોરી, જારી, હિંસા એ શરીરના ગુણ છે તો આવા નઠારા દુર્ગુણોથી બચવા માટે અને હૃદયને પવિત્ર નિર્મળ કરવા માટે સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજનો ઉપદેશ આ વાણીમાં સમજાવ્યો છે અને ગંગા, જમુના અને સરસ્વતી શરીરમાં બતાવ્યા છે.

" તીર્થ ત્રિવેણીમા નાહીયે, જપી એ અજંપા જાપ,
પાંચે પવિત્ર કિજિયે, તો કુળનાં જાવે પાપ."

ઈંગલા, પીંગલા અને સુક્ષ્મણા આ ત્રિવેણી તીર્થ કહ્યાં છે, આવા તીર્થોમાં સ્નાન કરવાથી ચોર્યાસી અવતારના ભટકતા મોહ માયાના બંધનમાંથી છુટવા માટે આત્માને પવિત્ર કરવા માટે આ ત્રિવેણી સ્નાન બતાવ્યું છે. બગ અને હંસ, સોનું અને પિત્તળ, કાચ અને મોતીના દૃષ્ટાંતો આપી આપણને હંસવૃત્તિ ધારણ કરી જગતમાં દુર્ગુણો દૂર કરી સદ્‌ગુણો ગ્રહણ કરી જીવન જીવવા માટે સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે આ ''સદ્‌ગુરુ ઉપદેશ'' નામના ગ્રંથમાં આપણને ઉપદેશ આપેલો છે. તો આવો આપણે આ ''સદ્‌ગુરુ ઉપદેશ'' ગ્રંથમાંથી સંસ્કારી જીવન જીવવા માટે એકાદ વાક્યને સમજી જીવન જીવીએ અને પરમાત્માને પામવા માટે આજથી શરૂઆત કરીએ.

(ૐ નમો નિષ્કલંકી નારાયણ જનાર્દનમઃ)

શ્રી સદ્‌ગુરુ ઉપદેશ

''અમૃતવાણી''

સદ્‌ગોર કહે રે પિયુ પિયુ સબકોઈ કરે,
અને પિયુ ન પાવે કોઈ રે;
મુખે જપંતા પિયુ ના મિલે,
એ તો શીર કે સાટે હોએ રે..... (૧)

સદ્‌ગોર કહે રે શીરના સાટા તે કરે,
જે રહેણી જગાવે આપ રે,
જીવ લગાવે અજંપા જાપ શું
તો સાચા સૃજન પાસ રે..... (૨)

સદ્‌ગોર કહે રે પિયુ પિયુ જીવ જંત કરે,
અને પિયુ ન પાવે કોઈએ રે.
જીભે જપંતા પિયુ જો મિલે.
તો બગજ હંસા હોય રે..... (૩)

સદ્‌ગોર કહે રે બગ હંસાનો પઠંતરો,
અને દિશે તે એક જ રંગ રે,
બગ ચરે મન માનીયા,
હંસા ચરે રે રતન રે..... (૪)

સદ્‌ગોર કહે રે કાચ રતનનો પઠંતરો,
અને કસતાં તે પાઈએ ભાતરે,
કાચ કમાયે તે વિષ ભર્યા,
ભાઈ રતને અજવાળાં રાત રે..... (૫)

સદ્‌ગોર કહે રે, સુગરા નુગરાનો પઠંતરો,
સબ સુરત એક સમાન રે,
નગુરા તે ચાહે દામકુ
સુગરા લેવે હરિકા નામ રે..... (૬)

સદ્‌ગોર કહે રે નામ લીધામાં અંતર ઘણો,
જે પ્રેમસુ પ્રિતનાં લાએ રે,
ધૂળ ઉપર જેમ લીપણા,
જેમ ફુટા માદલ બજાએ રે..... (૭)

સદ્‌ગોર કહે રે પ્રેમ ભક્તિ તેને હૃદયે વસે,
જે અંતર લેહ લગાએ રે,
શ્વાસે ઉશ્વાસે જપીએ જાપ,
જેમ કાને સુરત નવ જાએ રે..... (૮)

સદ્‌ગોર કહે રે જિસ્મા ભાવ પ્રગટ્યા,
તિસથી ગફલત હોવે દૂર રે,
ત્યાં અંધારા ક્યા કરે ?
જ્યાં સૃજન કેરા તેજ રે..... (૯)

સદ્‌ગોર કહે રે બ્રહ્મ પ્રકાશે મંદિર રચીયાં,
અને બ્રહ્મ પ્રકાશે રચ્યો આસમાન રે,
બ્રહ્મ માહેથી બ્રહ્મ પ્રગટ્યા,
તેનું સદ્‌ગોર બ્રહ્મા નામ રે..... (૧૦)

સદ્‌ગોર કહે રે નવ લાખ વાતું ભાંખીયું,
એ તો નર નારાયણ દેવ રે,
તે લખ્યુ વેદવાણીમાં,
એ તો વર્તમાને હોય રે..... (૧૧)

સદ્‌ગોર કહે રે અમે આવ્યા એહ લોકથી,
દસે આસમાન જોઈ રે,
માયા રંગ ભોગ ત્યાં બહુ રમે,
પણ પ્રેમ થોડામાં હોએ રે..... (૧૨)

સદ્‌ગોર કહે રે, ભાગ્ય વડા તે લોકના,
જેણે કીધાં તપ, તીર્થ, વ્રત દાન રે,
સ્વર્ગ ભોગવી તે અવતર્યા,
જેણે ન જાણ્યા નારાયણ નામ રે.... (૧૩)

સદ્‌ગોર કહે રે, ભ્રમણા એ જગ વહી રહ્યા,
અને ભટકતાં ભૂલ્યાં એરે,
જેને સાચા સદ્‌ગોર ના ભેટીયા,
તે કેમ કરી અમ્મર થાએ રે ?..... (૧૪)

સદ્ગોર કહે રે સોનારૂપા માંહે સાચ હે
અને દીજે અગન કેરી કસરે,
વિના રસાયેણ ગાળીયે,
તો કેમ કરી હોએ રસ રે..... (૧૫)

સદ્ગોર કહે રે ગુરુ કે શીર ગાંઠડી,
અને સેવક કે શીર ભાર રે
લોહા જો નાવુ બેસીએ ?
તો કેમ ઊતરીયે પાર રે ?..... (૧૬)

સદ્ગોર કહે રે ગુરુ અંધા તેના ચેલા અંધા,
અને દોએ નાં જાણે જ્ઞાન રે,
આપ મુરાદી ને મન હઠી,
તે તો મુએ ન પામે મોક્ષ રે..... (૧૭)

સદ્ગોર કહે રે જૂઠા મરણા સબ જુગ મરે,
અને સાચા ન મરે કોઈ રે,
ગુરુ જ્ઞાને વેધ્યા જે મરે
તેને ફરી મરણ નવ હોએ રે..... (૧૮)

સદ્ગોર કહે રે સંસાર સાગર મોહજાળ છે.
અને શીર પર ભરીયેલ ભાર રે,
જો સત્યકી નાવે બેસીયે,
તો સદ્ગોર ઉતારે પાર રે..... (૧૯)

સદ્ગોર કહે રે નાવ કીજે હરિના નામની,
અને સાચા તે ભરીયે ભાર રે,
પવન ચાલે જો પ્રેમ કા,
તો સદ્ગોર ઉતારે પાર રે..... (૨૦)

સદ્ગોર કહે રે, ભોળાવે જીવ તું ભૂલિયો,
સદ્ગોર દૂજા મત જાણ રે,
જીવ પીંડના છે ધણી
જેણે નિપાઈ ચારે ખાણ રે..... (૨૧)

સદ્ગોર કહે રે, ચારે ખાણે જીવ તું આવીયો,
અને ભમ્યો તે બહુ અપાર રે,
પૂર્વે પુન્ય તે પોતા તણા,
જે પામ્યો મનુષ્ય અવતાર રે..... (૨૨)

સદ્ગોર કહે રે, મનુષ્ય દેહ પામ્યો તો કયા પાયા,
અને ના જાણ્યા મુક્તિના ભેદ રે,
માણેક મોટા તો કયા હુઆ,
જેને અંતર ન પડીયા છેદ રે..... (૨૩)

સદ્ગોર કહે રે, મનુષ્ય દેહી તો દુર્લભ છે,
તે તો નહિ આવે વારંવાર રે,
પાત્ર પીછાણી પરિબ્રહ્મ પુજીએ,
તો કુળનો હોય નિસ્તાર..... (૨૪)

સદ્ગોર કહે રે કાળ સીંચાણો તારે શીર ભમે,
અને મત કાંઈ બાંધો આશરે,
દમે દમે હરિને જપીએ,
જેમ રવિ ઉગે પ્રકાશ રે..... (૨૫)

સદ્ગોર કહે રે, રવિ ઊગે અજવાળાં થયાં,
અને રહેણી તે હોએ દૂર રે,
નવખંડ માંહે દેવ પ્રકાશીયા,
જેમ પ્રભાતે ઊગ્યા સૂર રે..... (૨૬)

સદ્ગોર કહે રે, રવિ ઊગ્યા ને સર્વે દિન કહે,
અને રહેણીના કહેવે કોઈ રે,
એમ સદ્ગુરુથી જીવને મોક્ષ છે
અવરથી મોક્ષ ન હોય રે..... (૨૭)

સદ્ગોર કહે રે, અમે આવ્યા બ્રહ્મ ઉદ્દેશથી
અને લાવ્યા મુક્તિનો ભેદ રે,
જેને બ્રહ્મ સદ્ગુરુ ભેટીયા,
તે અમ્મર હુઆ તતખેવરે..... (૨૮)

સદ્ગોર કહે રે, પ્રત્યક્ષ જુઓ ને પારખું,
જો સાચે મને પત આયે રે,
લોહા પારસ જો મિલે,
તો પલમાં કંચન થાયે રે,..... (૨૯)

સદ્ગોર કહેરે, ઈયળ ભમરીનો પઠંતરો,
અને લઈ મંદિરમાં જાએ રે,
ભમરીનો ચટકો ઈયળ સહે.
તો આપ સમાન થાયે રે..... (૩૦)

સદ્ગોર કહે રે, ગંગા તે આવ્યા બ્રહ્મ ઉદ્દેશથી
અને લાગ્યાં તે વિષ્ણુને ચરણે રે,
અનેક નદિયું આવી મલે,
સર્વે તે હોવે ગંગ વર્ણ રે..... (૩૧)

સદ્ગોર કહે રે, ગંગા તે તિરથ બહુ ફળે,
એ તિર્થે તે સદ્ગોર દેવ રે,
એ પ્રવાહ થકી અલગા રહ્યા,
તે કાવે નદિયું કેરા નીર રે..... (૩૨)

સદ્ગોર કહે રે, ભૂત ભક્તિ સબ જુગ કરે,
તે તો પડીયા મોટે ફેર રે,
જંગલે જીવ અન્નત વસે,
તેને કોણ બતાવે શેર રે..... (૩૩)

સદ્ગોર કહે રે, જંગલે જીવ ભુલો પડીયો,
તે કિસકુ પુંછે, રાહ રે ?
એ મહાવનમાં માણસ મળે,
તો તે ઠેકાણા બતાએરે..... (૩૪)

સદ્ગોર કહે રે, સંસાર સુનો જુગ અંધો
અને સુનેસુન પૂજાએ રે,
જો પાવૈયાને પાનો ચડે,
તો તે જીવ અમર થાએ રે..... (૩૫)

સદ્ગોર કહે રે, સાચા જૂઠાનાં પારખાં,
અને પારખો તે પરખણ હાર રે,
મોતી જો ભાગ્યું વીંધતાં,
તેનું મૂલ નહિ લગાર રે..... (૩૬)

સદ્ગોર કહે રે, સાચાને શીર ચડાવીએ,
અને કહિયે તે અંતરની વાત રે,
જૂઠાને કોઈ પૂછે નહિ,
જેને ન જડી સદ્ગોરની વાટ રે.....(૩૭)

સદ્ગોર કહે રે, જૂઠાને જગ નમસે,
અને સાચાને મારે લાત રે,
પણ જૂઠે જૂઠા જો આવી મિલે
ત્યાં બોલે તે પાંચ ને સાત રે..... (૩૮)

સદ્ગોર કહે રે, સભા સોહાતું સર્વ બોલે,
કોઈ ન બોલે સત્ય ધર્મ રે,
આપ વખાણે પર નિંદા કરે,
ભાઈ તે શીર પાપ કરમ રે..... (૩૯)

સદ્ગોર કહે રે, પાપ કરમ તે સર્વે ઊતરે
ના ઊતરે પર નિંદાને આળરે,
પરગવન ના ઊતરે,
ના ઊતરે આપ હત્યાને બાલ રે..... (૪૦)

સદ્ગોર કહે રે, પાંચ હત્યા તો પાપીણી,
જે શીર બેસી જાએ રે,
તે નિત્ય નિત્ય જઈ ગત્માં મલે,
તો એ તે જીવ પાવન ન થાએ રે..... (૪૧)

સદ્ગોર કહે રે, તપ તીર્થ વ્રત, યજ્ઞ કરે,
અને દેવે બહુ ભૂમિનાં દાન રે,
તો એ પાપ કર્મ ન એવા ઊતરે,
જો કરે ગંગાનું સ્નાન રે..... (૪૨)

સદ્ગોર કહે રે, પાંચ હત્યા તે પાપ છે,
અને લખે જો લલાટરે;
ફાટે પણ એ ફીટે નહિ,
એ તો ભોગવી છુટાએ રે..... (૪૩)

સદ્ગોર કહે રે, અધોગતિએ જીવ અવતર્યો,
અને પડીયો તે ચારે ખાણ રે,
અધૂરેથી જો ઈંડ ગળે,
તે ઊગ્યા શું જાણે ભાંણ રે..... (૪૪)

સદ્‌ગોર કહે રે, જન્મ અંધો તે જીવ રહ્યો,
તેની જ્યોત ગઈ બુઝાઈ રે,
પાપી પરિબ્રહ્મ પેખે નહિ,
તે શું જાણે શરણા શરણ રે ?..... (૪૫)

સદ્‌ગોર કહે રે, સહસ્ત્ર પચાસ તેં ભોગવ્યા,
અને પામ્યા તે મનુષ્યા દેહ રે;
સત્ય વાત નહિ તેને શીર લગી,
જેમ ઉનાળે ઊઠ્યા મેઘ રે..... (૪૬)

સદ્‌ગોર કહે રે, નગરે નીર ખળ ખળ્યાં,
જઈ ભળીયાં જમના ગંગ રે,
પાપી પાવન એણી પેરે થાએ,
જો માંડે હરિ શું રંગ રે..... (૪૭)

સદ્‌ગોર કહે રે, રંગ રે જેસા પતંગ કા,
અને તેસા દુનિયા કા રંગ રે,
કમલ રંગ ભેદે નહિ.
તેને સર્વ દીશે કઢંગરે..... (૪૮)

સદ્‌ગોર કહે રે, બાના તે પેહરે બાપડે,
અને જુગ દીખાવે મહંત રે,
ખાએ પીએ પિંડ પોષે આપણું,,
પણ ન કરે જીવનિ ચીંતાય રે..... (૪૯)

સદ્ગોર કહે રે, સત્ય કા બાના પહેરીએ
અને અંતર લેહ લગાએ રે
શ્વાસ, ઉશ્વાસે આરાધિયે,
જેમ કાને સૂરત ના જાએ રે..... (૫૦)

સદ્ગોર કહે રે, આપ સમારો સાચશું,
અને સત્ય કા કરો શણગાર રે,
નયણે કાજલ સારો નેહકા,
પિયુ કરો ગલેકા હાર રે...... (૫૧)

સદ્ગોર કહે રે, શૂરા હોકર શીર દેવે,
અને દેહે સામાકું ઘાએ રે;
જીવ ના રાખે આપણા,
પછે મુએ નિવેડા થાએ રે..... (૫૨)

સદ્ગોર કહે રે, મુઆ તે જેના મન મુઆ,
અને ધરતી સમાન આપ રે,
આ પાંચે તત્ત્વ કા પુતલા,
એ તો જપે અજંપો જાપ રે..... (૫૩)

સદ્ગોર કહે રે, જુગ સારા નિર્ધન જોયા,
ધનવંતા ના દેખું કોઈએ,
ધનવંતા નર તે આંકીએ,
જેની પ્રિત પિયું શું હોય રે..... (૫૪)

સદ્‌ગોર કહે રે, સોધન સંચો બાપડે,
જેમાં કોઈ ન ઘાલે હાથ રે,
જનમ મરણ ગંજે નહિ,
પછી મૂએ તે આવે સાથ રે..... (૫૫)

સદ્‌ગોર કહે રે, અમી પીધે વિષ ઊતરે,
જળ પીધે તરસ બુઝાયે રે,
ભોજન લીધે જેમ ક્ષુધા ભાગે,
તેમ હરિનામે પાતક જાએ રે..... (૫૬)

સદ્‌ગોર કહે રે, બાતો સો સબ છાંડીએ,
અને માંહે તે લાવો જીવ રે,
જનમ ગુમાવો પ્રેમશું,
તો પામો આપણા પિવરે..... (૫૭)

સદ્‌ગોર કહે રે, પિયુ પિયુ સબ કોઈ કરે,
બોલે જેમ મુખ વાત રે,
પિયુ પિયુ જીવજંત કરે,
પણ કોઈ ના જાણે ભેદ રે..... (૫૮)

સદ્‌ગોર કહે રે, ભેદ અમારા સો બુઝે,
જે કોઈ ચાલે સત્ત સાર રે,
સો ઘર પોતા આપણા,
સો કદી ના આવે ફેર રે..... (૫૯)

સદ્‌ગોર કહે રે, પ્રેમ પિયાસી મન વસે,
જો મન માંહી કીજે નેહ રે,
દુનિયા દુરીજન દાખવે,
તે જલ બલ હોવે ખેહ રે..... (૬૦)

સદ્‌ગોર કહે રે, પ્રિત પિયુની દોહેલી રે,
પ્રેમે શું પડીયા સોલ રે,
કનક કસોટી જો આપ કરો,
તો પામો અમૂલ્ય મૂલ રે..... (૬૧)

સદ્‌ગોર કહે રે, મૂલ પાયા સો માણેક ભયા,
જેને લાગ્યા કલેજે બાંણ રે,
વજ્જર વિંઝ્યા લાગે નહિ,
તે તો પર્વત કેરા પાણ રે..... (૬૨)

સદ્‌ગોર કહે રે, પાણ પ્રબોધ્યા ગુણ કરે,
એથી વિપરીત નુગરા જાણ રે,
રણમે ના આવે ઢુંકડા
જેમ ગોંણ વિનાના બાણ રે..... (૬૩)

સદ્‌ગોર કહે રે, ગોર બ્રહ્માજી એમ બોલીયા,
એ તો સમજે તે સાચા કોઈ રે,
અઢી તે અક્ષર પ્રેમના,
ભાઈ પઢે સો પંડિત હોય રે..... (૬૪)

સદ્‌ગોર કહે રે, પંડિત પડીયા બહોત ફીરે,
અને સાચા ના લીઆ સેર રે,
જ્યું બહુત રાસ્તે દોડીએ,
ત્યું પડીએ મોટે ફેર રે..... (૬૫)

સદ્‌ગોર કહે રે, ફેરે પડે ઉનકી ફુટીયાં,
મંદિર માંહે કયા જોએ રે ?
નવ શાહ તે ખેલે પ્રગટ્યા,
તેનો મરમ ના બૂઝે કોએ રે..... (૬૬)

સદ્‌ગોર કહે રે, રૂપ હમારા અટપટા,
જગત પરખી ન શકે કોઈ રે,
ગુણવંતા ગુણ સાંખીએ,
જેની મુએ કીર્તિ લખાયે રે..... (૬૭)

સદ્‌ગોર કહે રે, વેષભૂષા તે સારા જુગ કરે,
અને ક્રિયા પ્રગટ દિખાએરે,
જીભું જપતા પિયુ ના મિલે,
સો મંદિર પિયુ ના પાએ રે..... (૬૮)

સદ્‌ગોર કહે રે, પિયુ પિયુ કરતા પિયુ ના મલે,
શીર ઉપર ભરીયા ભાર રે,
સો મન ખેલે મોકળા,
જેમ ભાંગી નાવે પાર રે..... (૬૯)

સદ્ગોર કહે રે, ગોર જ્ઞાનની જુગમાં બહોત હે,
એ પાવે ચરણામૃત આપ રે,
જો મર્મ ના જાણે મોક્ષ કા,
એ તો અદકા કરના પાપ રે,..... (૭૦)

સદ્ગોર કહે રે, પાપ પ્રજાલીને લોઢીએ,
જો તનના ટુકડા હોએ રે,
જો દમ ઊઠે નાભીથી,
સો દમ ના બુઝે કોઈ રે..... (૭૧)

સદ્ગોર કહે રે, દમે દમે હરિને જપીએ,
અવર ચિત ના લાએ રે,
ન પિયુ પઠંતરો રતી રહે,
જેમ સાએર લેહેર સમાયે રે..... (૭૨)

સદ્ગોર કહે રે, જિકર લાવે જીવડા,
જો રહેણી આવે હાથ રે,
જો દમ ઊઠે નાભીથી,
જ્યું પિયુ શું કરની બાતર રે..... (૭૩)

સદ્ગોર કહે રે, ઉજ્જડ ખેડા ધામ ફીર બસે,
અને નિર્ધનીયા ધનિક હોય રે,
એક અચંબા એ દેખીયા,
ભાઈ મુવા ના જીવે કોઈ રે..... (૭૪)

સદ્‌ગોર કહે રે, સુન પુજીને શું કરો ?
પણ જાગતી જ્યોતને ધાઓ રે,
પ્રતિત ના આવે જયાં લગી,
તબ લગી ચોરાસી ફેરા ખાઓ રે..... (૭૫)

સદ્‌ગોર કહે રે, વાતે વડા ન હોઈએ,
કર માળા મુખ નામ રે,
સાચ વિના જે જપણા,
જેમ ઉજ્જડ ખેડા ધામ રે..... (૭૬)

સદ્‌ગોર કહે રે, સતીયા સતીયા સબ કાવે,
પણ સતી તે વિરલા કોઈ,
સબ જગ સુએ આપ જાગે,
તેને જીકરે દર્શન હોયે..... (૭૭)

સદ્‌ગોર કહે રે, અડસઠ તીર્થ મેં ગયા,
અને જોયા તે દેવે અનંત રે,
તેને પ્રતીત નહિ પોતા તણી,
એ પૂજારીને પાનેં પડંત રે..... (૭૮)

સદ્‌ગોર કહે રે, સબ તીર્થ મેં ઢુંઢીયા,
કાંઈ પાણી કાંઈ પાસાણ રે,
ઉજ્જડ ઘર કા પરોણલા,
સો કેસા પાવે માન રે..... (૭૯)

સદ્‌ગોર કહે રે, ઘર ઉપર જો દિવડા,
પણ માંહે અંધારી રાત રે,
ફોગટ ધોણા બારકા,
એથી હૃદય પવિત્ર ન થાયે રે..... (૮૦)

સદ્‌ગોર કહે રે, ગંગા જમના સરસ્વતી,
અને નાહીએ ગયા પ્રયાગ રે,
જો અંતર દાગ ના ઉખડે,
તો ભવનાં મટે નહિ પાપ રે..... (૮૧)

સદ્‌ગોર કહે રે, તીર્થ ત્રિવેણીમાં નાહીએ,
અને જપી એ અજંપા જાપ રે,
જો પાંચે પવિત્ર કીજીએ,
તો કુળના જાય પાપ રે..... (૮૨)

સદ્‌ગોર કહે રે, પર નિંદા ઘર નિંદા થશે,
જો કરો અજાણી વાત રે,
નરકે પડે જીવ આપણા,
હોય ઈકોતેરસો સંગાથ રે..... (૮૩)

સદ્‌ગોર કહે રે, જીભે જૂઠા ન બોલીએ,
દિલ ભિતર રાખીએ ઠામ રે,
દયા સરીખા કોઈ મિત્ર નહિ,
અંતઃ કાળે નારાયણ નામ રે..... (૮૪)

સદ્ગોર કહે રે, પૂર્ણ પ્રિત ત્યાં પિયુ વસે,
પણ વણ પ્રિતે તો દૂર રે,
જેમ જળ મધ્યે કમળ છે,
તો અંગ ના ભેદે કોઈ રે..... (૮૫)

સદ્ગોર કહે રે, ઘટમાં તીર્થ સન્નમુખા,
અને ઘટમાં ધર્મ દ્વાર રે,
જો ઘટમાં દેવળ પૂજીએ,
તો તો ઘટમાં મોક્ષ દિદાર રે..... (૮૬)

સદ્ગોર કહે રે, ભાલા તો વાગે ભાવના
અને પડે સો પ્રેમ કે ઘાવ રે,
પીડા જો જાગે પિયુ શું,
તિસે રહેણી નિંદ ના આયરે..... (૮૭)

સદ્ગોર કહે રે, નિંદ બિચારી ક્યા કરે,
પણ હૈયા જો હોય હાથ રે,
પિયુ પિયુ કરતાં રહેણી જાગે,
ભાઈ પીછે તો હોય પ્રભાત રે..... (૮૮)

સદ્ગોર કહે રે, પ્રભાતે રવિ ઊગ્યા,
તે નવ ખંડે હુઆ પ્રકાશ રે,
જ્યાં જોઈએ ત્યાં તેટલો,
એમ અંતર પિયુજી કે પાસ..... (૮૯)

સદ્ગોર કહે રે, સોના વેચી સાજન લીજીએ,
હોય મોતી જો કેરે મૂલ રે,
તે સાજનને કેમ છોડીએ,
ભાઈ લોકો તે કેરે બોલ રે..... (૯૦)

સદ્ગોર કહે રે, સાહ તો બોલે બોલે લીજીએ,
હોએ અંતર પિયુની પીછાણ રે,
શીર કે સાટે જો હરિ મીલે,
તોય મોઘેરા મત જાણ રે..... (૯૧)

સદ્ગોર કહે રે, શીર કે સાટે લીજીએ,
જો હરિ વેચાતા હોય હાટ રે,
ક્ષેણું વિલંબ ન કીજીએ,
શીર હાથુ તે દિજે કાટ રે..... (૯૨)

સદ્ગોર કહે રે, ઈસ્ક વાડીએ ન નિપજે,
અને ઈસ્ક હાટે ન વેચાય રે,
ઈસ્ક તો હૈયેડેથી ઊપજે,
એ તો હેયડા કોરી કોરી ખાય રે..... (૯૩)

સદ્ગોર કહે રે, પ્રેમ રસ અતિ મીઠડા,
એને દેખે જો કોઈ ચાખ રે,
શાહ જો પાવે શીર લગી,
ત્યારે હૈયડાં દેવે સાખ રે..... (૯૪)

સદ્ગોર કહે રે, હરિ રસ જેણે ચાખીયા,
એ અવર રસ મુખે ન લાએ રે,
પ્રેમે મસ્ત તે તો માંહે રહે,
તે તો હરિ રસ બેઠા ખાય એ રે..... (૯૫)

સદ્ગોર કહે રે, મુજ વિહુંણી ને પિયુ મળે,
કાંઈ દાગ દિયો નવ જાયે રે,
માંસ ગળી ગળી ભોંય પડે,
ભાઈ પીંજર દેહી ગળાએ રે..... (૯૬)

સદ્ગોર કહે રે, સતીથી સોહ કહ્યું રહી,
ન જલી પિયુ કેરી લાય રે, -
જા જા રે મુઈ ઘેલડી,
તુ જે પ્રેમે લાજ ના આયે રે..... (૯૭)

સદ્ગોર કહે રે, મુખે જપે પિયુનું નામ રે,
પણ હૃદયે પ્રેમ ન હોય રે,
સદ્ગુરુ બિચારા ક્યા કરે
જેને શબ્દ ન લાગા કોઈ રે..... (૯૮)

સદ્ગોર કહે રે, લીલા તે ગૈવર છાઈ રહ્યા,
એ તો પાણી તણે સ્નેહ રે,
સુકા સાલ બિચારા ક્યા કરે ?
જો અખંડ વર્ષે મેહ રે..... (૯૯)

સદ્ગોર કહે રે, ઉગે તેને વંદીયે,
હોય વારો તેની આણ રે,
કાલે તે ભોજન જે જમ્યા,
તેના આજનાં કેવાં વખાણ રે..... (૧૦૦)

સદ્ગોર કહે રે, ભૂલાવે જીવ વહી રહ્યા,
અને ભૂલ્યા તે મોહ જાળ રે,
ચોરાસી ફેરે જીવ તું આવીયો !
તો એ ન માર્યા પાંચે કાળ રે.....(૧૦૧)

સદ્ગોર કહે રે, પાંચે કાળ જેને વશ કર્યા,
તે તો મરીમરીદે જુગે પાએ રે,
સદ્ગોર સારથી જિન્ને કિયા,
તે જીવ અમરાપુર જાએ રે..... (૧૦૨)

સદ્ગોર કહે રે, દુનિયા દુરિજન દૂર કરી,
જો અંતર હરિ શું લાએ રે,
ગુરુ દિપક લઈ હાથમાં,
ઢૂંઢણ મંદિર પિયુ જાએ રે,..... (૧૦૩)

સદ્ગોર કહે રે, દુનિયા આહે ધ્રુમા કારે,
એનો જરા જ બુજે ભેદ રે,
સુની તે પૂજે પ્રતિમા,
ભાઈ વિત્યા તે વાંચે પુરાણ રે..... (૧૦૪)

સદ્ગોર કહે રે, દુનિયા દોડા દોડ બહોત કરે,
અને દર્શન ના પાવે તોએ રે,
ઉજ્જડ ઘર જઈ ઊતરે,
ત્યાં ભોજન ના દેવે કોઈ રે..... (૧૦૫)

સદ્ગોર કહે રે, સત્ય કી વાટે શોધીએ,
જીસ વાટે હરિ ગયા જોએ રે,
કાન ગાતા વાતા વાંસળી,
તે ગોકુળ મૂકી જ્યાં હોએ રે..... (૧૦૬)

સદ્ગોર કહે રે, એ સાચી વાટે શોધીએ
ચાલ્યા હોય હરિ જીસ વાટે રે,
જોતાં જોતાં હરી લીજીએ,
પાવે તો નેહડા ઘાટ રે..... (૧૦૭)

સદ્ગોર કહે રે, પગલે પગલે શોધીએ,
એ જ લિજીએ શુદ્ધ વાટ રે,
સત્ય વિના જે જે દોડીયા,
સો તો પડીયા ચોરાસી ઘાટ રે..... (૧૦૮)

સદ્ગોર કહે રે, વેળા તો આવી વખડી,
હવે ચેતો તો ચેતણ હાર રે,
આપ રાખો તમે આપશું,
ભાઈ સત્ય ચલણા ખાંડા ધાર રે..... (૧૦૯)

સદ્ગોર કહે રે, સત્ય તો શૂળી પર નાચણા,
એ ખેલે તે ખેલણહાર રે,
સામી તે અણી એ ધસણા,
ભલકા બી હોવે પાર રે..... (૧૧૦)

સદ્ગોર કહે રે, કોલ હમારા સાચ હે,
એ સાચે મને પત આએરે,
ફરી ફરી નહિ આવણા,
ઈકોતેર સો સાથે જાએ રે..... (૧૧૧)

સદ્ગોર કહે રે, ગઈ ગઈ વાતો જે કરે,
પણ જરા નાં બુઝે ભેદ રે,
એમ ચારે જુગે જીવ ભૂલીયો,
તે તો સત્ય કહે ગોર વેદ રે..... (૧૧૨)

સદ્ગોર કહે રે, ગુરુ સાચા તે તો કહીએ,
જેણે કાગળનાં કીધાં જહાજ રે,
બાર કરોડી બેસી ચાલ્યા
ચોવીસ રાખ્યા બાજ રે,..... (૧૧૩)

સદ્ગોર કહે રે, પ્રત્યક્ષ ઊગ્યા પ્રગટ્યા
તો ભીતર ચાંદરણા હોએ રે,
સોળ કળાનું અજવાળીયું
તેની બુજે રસાયણ કોઈ રે..... (૧૧૪)

સદ્‌ગોર કહે રે, કલિયુગ આવ્યો વખડો,
અને વેળા તે વહી વહી જાએ રે,
પેટ સમી કોઈ પ્રિત નહિ,
કોઈ કેને ન દેવે કાંઈ રે..... (૧૧૫)

સદ્‌ગોર કહે રે, કલિયુગ માંહે કોઈ થર નહિ,
એ તો થર નહિ નિર્વાણ રે,
પણ થર વિના જે ચલણા,
તે તો માર ખાસે મેદાન રે..... (૧૧૬)

સદ્‌ગોર કહે રે, રસાયણ સારી સત્યકી,
અને સત્યસુ ચાલ્યા જાઓ રે,
પણ સત્ય વિના જે ચલણા,
તો બહુ બહુ ફેરા ખાઓ રે..... (૧૧૭)

સદ્‌ગોર કહે રે, કલિયુગ માંહે અથર્વવેદ હે,
અને થર નહિ સંસાર રે,
જે વેદને વાયકે ચાલીયા,
તે તરકર લાગ્યા પાર રે..... (૧૧૮)

સદ્‌ગોર કહે રે, પાંચ કરોડ કર્તા યુગે તર્યા,
જે હોળીએ સિંચાણા આપ રે,
તેણે સદ્‌ગોર પુરા સેવીયા,
જેણે મનસુ ન ખાધી થાપ રે..... (૧૧૯)

સદ્ગોર કહે રે, ત્રેંતા એ હરિશચંદ્ર આવીયા,
તે સીધ્યા કરોડી સાત રે,
સતી એ સેવ્યા સ્વામી એક મના,
તે કરતા સત્યની વાત રે..... (૧૨૦)

સદ્ગોર કહે રે, દ્વાપર યુગે નવ કરોડ તાર્યા,
જ્યાં પાંડવે ગળાવી દેહ રે,
તેણે સત્ય રાખ્યા આપણા,
હરિશું છાના રાખ્યા નેહ રે..... (૧૨૧)

સદ્ગોર કહે રે, કલિયુગે સદ્ગોર બ્રહ્માજી આવીયા,
અને તાર્યા તે કરોડી બાર રે,
જેને સાચા સદ્ગોરને સેવીયા,
તે તો ઊતરી ગયા ભવ પાર રે..... (૧૨૨)

સદ્ગોર કહે રે, અમે આવ્યા બ્રહ્મલોકથી,
અને દેખંતા ભવન સાત રે,
રંગ ભોગ પદ્વિ ત્યાં બહુ મળે,
પણ નહિ કોઈ અમર જાત રે..... (૧૨૩)

સદ્ગોર કહે રે, સોના સુવર્ણ પૂતળી,
દિસે તે ઝાકમ ઝોલ રે,
પિયુ પાયા જેણે પ્રેમશું,
પામ્યા તે અમર મોહોલ રે..... (૧૨૪)

સદ્‌ગોર કહે રે, સદ્‌ગોર સહદેવ મુખે બોલીયા,
તમે સુણો મુનિવર વીર રે,
સદ્‌ગોર વચન પૂરા જેણે સેવીયા,
તે સુફલ પાયા સધીર રે..... (૧૨૫)

અગોચરી

(ભજન)

પેલાં સરજ્યાં સ્વામી સત,
સત કેડે સરજયા દત
દત કેડે સરજી ક્ષમા,
ક્ષમા કેડે સરજી ગજા,
ગજા કેડે સરજોય શેષનાગ,
શેષનાગ કેડે સરજો ધમળો ધોરી,
ધોરી કેડે સરજી રાઈ,
એની પેરે થઈ મૂળ મંડાઈ,
સુણો અગોચર સ્વામી..
અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું ઈઆ,
સેમાંથી તમે સરજ્યું સત;
સે માંથી તમે સરજયું દત,
સેમાંથી તમે સરજી ક્ષમા,
સેમાંથી તમે સરજી ગજજા,

સેમાંથી તમે સરજ્યો શેષનાગ,
સેમાંથી તમે સરજ્યો ધમળો ધોરી,
સેમાંથી તમે સરજી રાઈ,
કઈ પેરે થઈ મૂળ મંડાઈ,
સુણો અગોચર સ્વામી.
અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું ઇઆ,
સંતોક માંહેથી સરજ્યું સત,
દયા માંહેથી સરજ્યું દત,
ખૂબી માંહેથી સરજી ક્ષમા,
શશીર માહેથી સરજ્યો શેષનાગ,
ધરમ માંહેથી સરજ્યો ધમળો ધોરી,
રેખા માહેથી સરજી રાઈ,
એણે પેરે થઈ મૂળ મંડાઈ,
સતી હોય તેને સતી જ કહીએ,
સતી સરજ્યા જોગી જતી
સતેથી સતીએ રાખ્યો શીલ,
સતે સુરો રણમાં લડે,
સતે સુરો દેવે દાન,
સતે લેવાય સાહેબનું નામ,
એક સતતે સાત શીલ જેવું,
સતની સંગત આપણે લેવી,
સુણો અગોચર સ્વામી.

અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું ઈઆ,
સાત શીલ તે કીયાં કીયાં,
સ્વામી સુણો અગોચર,
તે વાત નોતો દઉં ઉત્તર,
પહેલું શીલ એ ચાલતા નમ્યા,
બીજું શીલ એ કરવી ક્ષમા,
ત્રીજું શીલ એ શખાવત દાતારપણુ કરવું,
ચોથું શીલ એ હરિનું હૃદયે નામ જ ધરવું,
પાંચમું શીલ એ ગત ગંગામાં ન્હાવું,
છઠ્ઠું શીલ એ મંદિરમાં દર્શન કરવા જાવું,
સાતમું શીલ આપણા ધરમને ધાવું,
અલખ નિરંજન બોલ્યા એમ :
સાત શીલ વિના કરશો કેમઃ
દયા માંહેથી સરજ્યું દત,
જેની કોઈ ન જાણે ગત,
દયા વિના ન સુજે ધરમ,
દયા વિના શી આપવી શરમ ?
દયા મનમાં એવું ધારે,
દયા આપણો જીવ ઉગારે,
એક દયા તે સો ધરમ જેવી,
દયાની સંગત આપણે લેવી,

સુણો અગોચર સ્વામી,
અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું ઈઆં,
સો ધરમ તે કીયાં કીયાં ?
સ્વામી સુણો અગોચર.
તે વાતનો દઉં ઉત્તર,
સો ધરમ જે એક ધરમે પરણાવે દીકરી,
બાવન ધરમ તેવી એક ક્રિયા,
તેવા સો ધરમનો ભર્યો છે દરીયા,
અલખ નિરંજન બોલ્યા એમ,
સો ધરમ વિના કરશો કેમ,
ખૂબી માંહેથી સરજી ક્ષમા,
ભાર તજી જે તોડતાં નમ્યા ?
ક્ષમા સરખું નહીં કોઈ ધન,
ક્ષમા સરખું નહીં કોઈ હીરો.
ક્ષમા કરે તેને કહે સધીરો,
ક્ષમાને ઘરે ખૂબી વસે,
આપે ઝગડો તે અળગો થશે,
એક ક્ષમા તે અડસઠ તીર્થ જેવી,
ક્ષમાની સંગત આપણે લેવી,
સુણો અગોચર સ્વામી,
અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું ઈઆ,

અડસઠ તીરથ તો કીયાં કીયાં ?
સ્વામી સુણો અગોચર,
તે વાતનો દઉ ઉત્તર,
પહેલું તીરથ તે માતા,
બીજું તીરથ તે પિતા,
ત્રીજું તીરથ તે જ્યોત પ્રમાણે જાણ,
એ અડસઠ તીરથનું કહ્યું પ્રમાણ,
એ તીરથ કાઢો ગોતી,
તો ચૌદ ભવનમાં કીયું મોટું મોતી,
એ મોતીએ ન જાણવા ફંદ,
ત્યાં સાત સુખ ને નવે નંદ,
ત્યાં વખાર ભરી બે-ચાર,
એ નંદ પૂછવું હોય તો કાળ રતી મનમાં ન રાખ,
સાત સમુદ્રને બાર રતન તારાં તનમાં વસે,
જો એ વસાવવું હોય તો,
તો મોતી સાહેબનું નામઃ,
અલખ નિરંજન બોલ્યા એમ,
મોતી વિના કરશો કેમ ?
જ્ઞાન માંહેથી સરજી ગજા,
સૌથી મોટી ધરમની ધજા,
જ્ઞાન વિના વાંચે વેદ,
તે જ્ઞાન વિના ન જડે ભેદ,

જ્ઞાન વિના હંસા (જીવ) ન રહે ઠોર,
તો જ્ઞાન વિના ન મળે ગોર,
જ્ઞાન વિના અજ્ઞાની થઈ જઈએ,
તઈએ આવા જ્ઞાન ને પણ મેલી દઈએ,
અલખ નિરંજન બોલ્યા એમ,
જ્ઞાન વિના કરશો કેમ ?
નેકી વિના ન્યાય ન થાય,
નેકી વિના કોલ આપણો જાય,
નેકી અવર જાતમાં કરે ભલાઈ,
નેકી તે એક સદ્‌બુદ્ધિની સગાઈ,
એક નેકી તે સાત સગપણ જેવી,
નેકીની સંગત આપણે લેવી,
સુણો અગોચર સ્વામી,
અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું ઈંઆ,
સાત સગપણ તે કીયાં કીયાં ?
સ્વામી સુણો અગોચર તે વાત નો દઉં ઉત્તર,
પહેલું સગપણ જે તારી માળા,
બીજું સગપણ જે સદ્‌ગુરુ પાયા,
ત્રીજું સગપણ જે ધરમ ભાઈ,
ચોથું સગપણ જે કુટુંબ સર્વે સુપાત્રની સગાઈ,
પાંચમું સગપણ જે પ્રેમે સરજ્યું નામ,

છઠ્ઠું સગપણ જે ધરવું ધ્યાન,
સાતમું સગપણ જે એવું કરીએ ઉત્તમ કામ,
અલખ નિરંજન બોલ્યા એમ,
સાત સગપણ વિના કરશો કેમ ?
શરીર માંહેથી સરજ્યો શેષ નાગ,
દેહ(શરીર)ના કીધા દોએ ભાગ,
જમણે પાસે સાહેબ વસે,
ડાબે પાસે કાળ જ હશે,
બોતેર કોઠા નવસે નાડી,
કાયા ઘડ (ગઢ)નો સુણો વિચાર,
સોળસો સાંધે રચ્યું શરીર
હંસરાજા (જીવ) રહે એણી પેર,
બત્રીસ બેલી મૂખે વસે,
ત્યાં હજૂરી ચાકર જિભ્યા નારી હશે,
જે જિભ્યા નારી તેને વેદ જ્ઞાનથી વાળી,
હંસરાજા જારે નગરનો હુકમ કહીએ,
એક દિન એવું શેર (શરીર) પણ મેલી દઈએ,
અલખ નિરંજન બોલ્યા એમ,
ધરમ વિના તમે કરશો કેમ,
ધરમ માંહેથી સરજ્યો ધબળો ધોરી,
ધરમ જીવન એ જાણવું ધબળો ધોરી,
એવા ધરમ ન દઈએ મેલી,

ધરમ કરીએ આપણે બેલી,
લઈએ દઈએ આપણે હાથે,
આપે એકલા સેને મરીએ,
તો સાહેબનો સથવારો કરીએ,
અલખ નિરંજન બોલ્યા એમ,
મનખા વિના કરશો કેમ ?
ઈ વાતો તે વિનવી સહી,
ખોટીયું તો જાણવી નહીં,
મોત વિના તો મરવું નહિ
અને પંચવારે ત્યાં વરવું સહી,
સો વાતની કીધી સહી,
અગોચર તો સંપૂર્ણ થઈ.

મોટી આગોચરી (સો-વાતો)

બડા બડા તો ક્યા કરે બડા ન કરે બડાઈ,
ભર્યા તો છલકે નહિ છલકે સો અધુરાઈ.
સાધુ જન કા પારખાં જબ વાણીથી પરખાય,
બડા બડા ક્યા કરે બડામાં ફેર બડાઈ.
બડા ઘરમાં દીવડા થઈ રહી છે અંધેરઈ,
બ્રાહ્મણ તો બ્રહ્માને પૂછે જ્ઞાનિ ગોતે દીલમાંય.

મુરખ બિચારા ક્યા કરે અજ્ઞાની ફરે જગ માંહી,
મુરખ તો હરિ શોધે હરિ છે બહુ દૂર.
ઓદરમાં રક્ષણ કરે; કોઈ ન જાણે ભેદ,
એની જનેતા જાણે નહિ; એવો ઓદર માં છે ભરપુર.
સાહેબ આપણાથી અળગા નથી ચેતન દ્વારા ચેતો,
ભેખ ભેખ તો સબ જુગ કરે; ભેખમાં છે ભેદ.
પંડિત બિચાર કયા કરે દિઠા વાંચે વેદ,
વેદ વાંચતા ભેદ ન મળ્યો ત્યાં મજુરી તુટી.
સમજનારા સમજી ગયા; અણસમજુ ગયા ઊઠી,
હાલમાલનતી હલકી કૂચી, ભેદની કુચી છે મોટી.
યોગી જુગમાં ફરી વળ્યા; અલખ ન આવ્યો આડો,
મોહ લાગ્યો તેને માયાનો; જઈ વાંઝણીને ધાવ્યો.
યોગી તું યાદ કરી લેને; સમજી લે મન મોહી,
જ્ઞાન કરીને ગોતી લેને; સાહેબ છે તુંજ માંહી,
બહુતેર કોઠે સાહેબ આપણા, નવસો નાડે હોય,
ડાબે પાસે દેખે નહિ; તો જમણે પાસે જોય.
સાચું પગલું ભરોતો; હરિ દિલમાં નથી થોડો,
તેમ સંસારમાં છે સોસરો, જેમ મણકામાં છે દોરો.
કીડી મોતથી છુપાઈ રહે, પણ હાથી ક્યાં છુપાય,
મગમાં પેઠુ ભુડણું, ત્યાં જમડો હાલ્યો જાય.

દિવસના તો સુરજ સાંખી, રાત્રે નવ લાખ તારા,
ચંદ્ર બિચારા ક્યા કરે, અમાસ કા અંધારા.
અબુજ ને મન અમાસ છે, પુરા ને પુનમ સરખા ચંદ,
જેને સતનાં ચશ્માં ચડાવી ચિંતમાં જોયું, તેને સાહેબ
નીરખ્યા,
હાલમાલની હલકી કૂંચી; ભેદની કુંચી મોટી,
પ્રહ્લાદના તો ચાર ગુરુ; હરિ ચંદની નાર ગુરુ.
પાંડવનું વન ગુરુ આપણું છે મન ગુરુ,
એક મુરખે તો વાડી વાવી, તેમાં કમાણી ન કીધી કાંઈ.
છેહ દિધો ભગવાનને તું, સમજી લે મનમાંય,
તેમ કાયા છે આપણી વાડી તેમ કમાણી નહિ કરો કાંય
તો નરક આવશે આપણે માટે સમજી લે મન માંય,
પ્રહલાદ્ના ચાર ગુરુ; તેમાં હરણા કંસ હતા ગુરુ
થંભ ગુરુતે થોડો, જ્ઞાન ગુરુ તો ઘાણી, સત્ ગુરુ થઈ હોળી,
હોળી સાથે મન બાંધ્યાં, તો ઘાણીએ આવ્યું જ્ઞાન.
થંભ સાથે મન ઠરી રહ્યાં, એક નરસિંહ સાથે કામ,
નરસિંહ જેને નજરે દિઠા, તેના નરક થઈ ગયાં દૂર,
એવા સોદા કરી લઈએ, પંથી પુરા પુર,
સત્ જોઈએ તો હરીશચંદ્રને પૂછો જેને ઘરે છે સતી નાર.
સતીરાણીએ પંથ દેખાડ્યો, ત્યારે થયા છે મન પ્રસન્ન,

સીંચાણો શિકાર માગે; હોલો કેમ દેવાય.
કાયા વાઢી કટકા કરે; ત્રાજવું ભારે થાય,
પગ વાઢી પેની વાઢી, હોલો ભારે થાય.
રાજા દાંડી દેખતા, સત્ માટે શીર જાય.
રાજાએ હાથ ઉપાડ્યો, સર કટારી ઘા.
હોલામાંથી હરિ થયા, માગો શિબિ રાયે.
હરિચંદ્ર ને જ્યારે હરિ મળ્યા; ત્યારે દુખડાં થયા દૂર,
એવાં સોદાં કરી લો તો, પંથી પુરા પૂર.
નિકુળ કહે મારું નામ ન લેજો, કૃષ્ણજી મેં દીઠાં,
ભોજન જમી શું કરું, અમૃતથી પણ મીઠાં.
સહદેવ કહે હું જોષ જોઉં, કૃષ્ણજી મને સુજે.
કાંટો લાગે મારા પગમાં, કૃષ્ણજીને ખુંચે.
અર્જુન કહે મારા આત્મામાં, કૃષ્ણજી નથી કોરે,
સગાં કુટુંબ ને શું કરું, મન મોહ્યુ છે મારુ.
ભીમ કહે હું બાળો ભોળો, ભાઈનું કહ્યું કરીએ,
પાપ પહેલાં અનેક કર્યા, હવે ધરમ સાથે ફરીએ.
કૃષ્ણજીની સંગત કરતાં, પાંડવ ઓધરી જાય,
કૌરવની મા ધુળ વિયાણી સોયે વાંઝણી થાય.
પાંડવોની પત રાખવા, દ્રૌપદીની પુરે લાજ,
ત્રાગડે ત્રાગડે ચીર પુર્યાં, લોભીયા નથી મહારાજ.

ગેનકાની સોબત કરતાં, કબીર બગડ્યા જાણ,
જગ સામે જોઈ રહ્યો, ગેનકાને આવ્યું વિમાન.
કબીર ભગતતો કાચા નહતા; ગેનકા સ્વર્ગે જાય,
એવા ગુરુ ગોતી લઈએ, તો આપણાં કારજ પણ થાય.
છાશની સંગત કરતાં દુધ બગડ્યાં; ઈ છાશકા પ્રમાણ,
ઘી સાહેબનું નામ છે દુનિયા સઘળી છાશ.
જેવી સુગંધ સુંઘીએ તેવી આવે વાસ,
જો ચંદન સુંઘવુ તો સાહેબનું છે નામ.
જાવું હોય જો સ્વર્ગમાં તો નર્કનું શું કામ,
ધોબીડા તું ધોઈ જે દે મન મેલું છે મારુ,
સાબુ કર સાહેબ નામનો; એવું હૃદય છે મારું,
મન ધોયું ઓર તન ધોયું, પણ આશા ધોઈ ન જાય,
જીવ જાણે મેં કર્યું, પણ થનાર હોય તે થાય,
શીશું આવ્યું સિઝવા, ચાસણીમાં છે કુડ,
જંતેડામાં જુઠુ નહિ ચાલે; સોનીને કરવું હતું શુદ્ધ,
ચિત્ત છે આપણી ચાસણી, કુડ છે આપણો કાળ.
સોનીડાને કહ્યું નથી, મુરખા તું મન વિચાર,
લુહાર બેઠો લોઢું ઘડે, લાંબુ ટુકું કરે.
અંગારા અતિ બાળે, માંય ચિરૂડી પાડે,
ચિત્ત તે આપણી ચિરૂડી, સદ્ગુરુ ટાંકણખાર.

એવા ગુરુ તો ગોતી લો, ભાંગ્યા સાંધણ હાર,
સરણીયો સજવા બેઠો, છરકે છોલી નાખે.
સરીયાણ છે મોટી પછી, તલવાર કેટલું શાંખે,
હરિ નામની તલવાર કરીએ, કાળશું ઝઘડો કરીએ.
ખર્ચી જેમાં ખપે નહિ, એવું કામ કરીએ,
ઈ ઝઘડામાં જે જીત્યા, સાહેબ જીત્યા જાણ.
મારણ હારો શું કરે,લાગવા ન દે બાણ,
પડોશણની છાજમાં, હરવીએ તોડ્યું પાન.
ખુંચે એના દાંતમાં, રાખણ હાર શું જાણ,
આ ખેલ છે સર્વે ક્ષમા તણો, કીંમત છે ભેદમાંય.
પંડિત પગેરે બહોત ચડ્યો, ગોત્યો ન જડ્યો ક્યાંય,
ગુરુના ગુણ તો એવા ગાઈએ એ રીતે જીવ સ્વર્ગે જાય.
સો વાતની પડી સહી અગોચરી સંપુર્ણ થઈ.

આત્મ જ્ઞાન શાસ્ત્ર

જીરે મારા હંસા કરડી કમાનો સાહેબજી સુ ખેંચો,
તો તીરથ ત્રવેણી ચડતાં.
જીરે મારા હંસા ઢાલ ધણીની ધીરજ કરી બાંધો,
તો સતની તલવારે લડતાં.
જીરે મારા હંસા બુદ્ધિની બંદુકોને સુરતાના દારૂ,
જ્ઞાન ગોળી બીચ ઘરનાં.

જીરે મારા હંસા પ્રેમના પિયાલા ભરી ભરી પીજે,
તો શબ્દ ભડાકે લડનાં.

જીરે મારા હંસા તોડાવો તેડાવો ગુણવંતા માળી,
દુ:ખ જડ મુળથી કાઢે.

જીરે મારા હંસા ઉમીયાતી ધરતીમાં વીસયાનો વેલો,
વેલે કીધો વિસ્તાર.

જીરે મારા હંસા ઈરે વેલે અનંત ફળ લાગ્યાં,
કોઈ કડવાં ને કોઈ મીઠાં.

જીરે મારા હંસા આરે કાયામાં કુવારી છે કન્યા,
સુંદરી સબ રસમાણે.

જીરે મારા હંસા આરે નગરમાં ચોરાસી ચૌટા,
કોણ રે સુતાને કોણ જાગે.

જીરે મારા હંસા સબ લોક સુતા સાહેબ મારો જાગે,
જીફર ફીકર વીના જીવડાનાં પાકે.

જીરે મારા હંસા પારેતે ઊભા પાંચ પારખીયા,
હુકમ હાકમનો નાં માને.

જીરે મારા હંસા જ્ઞાન અમીરસ બોલ્યા ગોર ઈમામશાહ,
મારા મુનિવરને જમડાની જડ્યુન લાગે.

ભજન

નામ જેણે જાણ્યું તે તો વેદ ચારે ભણ્યો;
ભેદ જેણે જાણ્યો રે, તે તો ખરો તરત બન્યો.

બત્રીસ આભણ અંગે ધરી નારી, નાક વિના શો શણગાર,
કવીએ જો આપનું આપ ન જાણ્યું તે કેમ કરી ઉતરે પાર.

સાર ક્યાંથી મળશે રે ભણ્યો ખરો પણ ગણ્યો હીં નામ,
વાંઝણી નારી ને સપનું આવ્યું છે પુત્ર નથી એની પાસ.

એમ ભજન દેખાદેખી કરે છે, તેની કેમ પુરી થાશે આશ,
કેને બાપ કહેશે રે વેશ્યાએ જે પુત્ર જણ્યો નામ.

નામ ગુણે રૂપને નાશ, વળી ચોથુ પદ અવિનાશ,
એ ચોથા પદનો ભેદ જાણે, તને કહીએ હરી તણો દાસ.

કઠણ કર્મનો રે સંશય એક પળમાં હણ્યો નામ,
ગરીબી રાખી તમે ગુરુને, ચાહો કરો શબ્દનો તોલ.

આપણ થકી જો અદકો મળે તો તેનો ધારણ કરજો બોલ,
ગુરુને સંગ બાપુ રે અનામી નામ પોતાનો બન્યો નામ.